# 10 જાહેર મિલકત

**અવલોકન કરો અને લખો :**

| ક્રમ | તમારા દફતરની વસ્તુઓ | વર્ગખંડની વસ્તુઓ | શાળાની વસ્તુઓ |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| 4 | | | |
| 5 | | | |
| 6 | | | |
| 7 | | | |
| 8 | | | |
| 9 | | | |
| 10 | | | |

તમારી આસપાસ અનેક વસ્તુ, સામગ્રી અને સ્થળ એવાં હશે, જેનો ઉપયોગ બધાં કરે છે. આ બધી વસ્તુ આપણી માલિકીની નથી. આપણને આનો ઉપયોગ કરતાં કોઈ રોકી શકતું નથી. ચાલો, આપણે કંઈક નવી જ યાદી બનાવીએ, જે આપણું નથી છતાં આપણે વાપરીએ છીએ.

**શાળામાં બધા વિદ્યાર્થીઓ ઉપયોગ કરતા હોય તેવી વસ્તુઓની યાદી કરો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | | 5 | | 9 | |
| 2 | | 6 | | 10 | |
| 3 | | 7 | | 11 | |
| 4 | | 8 | | 12 | |

ઉપર્યુક્ત વસ્તુનો કે સામગ્રીનો શાળામાં બધાં જ ઉપયોગ કરે છે. શાળામાંની કોઈ પણ વસ્તુ કે સામગ્રી બધાં જ છોકરાં વાપરી શકે છે. આ વપરાશ કરતી વખતે તેની જાળવણી પણ આપણે જ રાખીએ છીએ.

**વિચારો**

- શાળાની મુતરડી કોઈને વાપરવા ન મળે, તો ..........
- પાણીની ટાંકીમાંનું પાણી કોઈ ન વાપરી શકે, તો .........
- શાળામાં છોકરાને ભણવા ન મળે, તો ......

સામગ્રીનો કે સ્થળનો ઉપયોગ બધાં કરી શકતા હોય તો તે સૌની જાહેર મિલકત કહેવાય છે. શાળામાં તમારી પેન, પેન્સિલ, પુસ્તક અથવા દફતર કોઈ બીજું વાપરતું નથી. પણ પાણી, ઓરડો, મુતરડી, સંગીતનાં કે રમત-ગમતનાં સાધનો શાળામાં બધાં વાપરે છે.

**ગામમાં બધાં ઉપયોગ કરતાં હોય તેવી જાહેર મિલકતની યાદી કરોઃ-**

| | | | |
|---|---|---|---|
| 1 | | 6 | |
| 2 | | 7 | |
| 3 | | 8 | |
| 4 | | 9 | |
| 5 | | 10 | |

ગામના ઉપર્યુક્ત સ્થળનો ઉપયોગ બધાં જ કરે છે. આ સ્થળ મંદિર હોય કે બસ-સ્ટેશન, તેનો કોઈ વ્યક્તિગત માલિક નથી. ગામની શાળા, સ્થાપત્ય, સરકારી દવાખાનું કે કોઈ સરકારી ઑફિસ વગેરે સૌની માલિકીનું કહેવાય છે.

**વિચારો**

- ગામમાં બસ-સ્ટેશન ન હોય, તો....
- ગામનું બસ-સ્ટેશન ગંદુ હોય, તો....
- ગામના પુસ્તકાલયમાં કોઈને જવા ના મળે, તો...

આવું થાય તો આપણને ઘણી સુવિધાઓ ન મળે, સૌની સંપત્તિ-મિલકત એવાં આ સ્થળો આપણને અનેક સુવિધાઓ પૂરી પાડે છે. ગામની શાળા, બસ-સ્ટૅન્ડ કે દવાખાનું સૌનું છે. તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવો અને સ્વચ્છ રાખવાં એ આપણાં સૌની ફરજ છે.

અન્ય સંપત્તિનો ઉપયોગ પણ બધા કરે છે. સરકારી બસ, અન્ય કચેરીઓ, હવા-પાણી, જાહેર શૌચાલયો, ગામનો બગીચો કોઈની અંગત અથવા ખાનગી મિલકત નથી. આ બધી મિલકત કોઈ એક માણસની નથી, પણ તે બધાંની મિલકત છે. તેની જાળવણી પણ આપણે જ કરવી જોઈએ.

**ચિત્રોની નીચે આપેલ જગ્યામાં સુવિધાનું નામ લખો :**

| | |
|---|---|
|  |   |
| | |
|  |  |
| | |
|  |  |
| | |

**10.1 ખાનગી / જાહેર મિલકત**

**વિવિધ સુવિધાઓ ઘરમાં અને જાહેરમાં ક્યાં હોય છે તે નોંધો :**

| સુવિધા | ઘરમાં ક્યાં હોય છે ? | જાહેરમાં આ સુવિધા ક્યાં હોય છે ? |
|---|---|---|
| પાણી | | |
| કચરાપેટી | | |
| વાહન / વાહનો | | |
| પુસ્તક / પુસ્તકો | | |
| શૌચાલય | | |
| ધાર્મિક સ્થળ | | |
| રમતગમતનાં સાધનો | | |

**ઉપર્યુક્ત સુવિધાઓ પૈકી જે સુવિધાઓ ઘરમાં હોય તે વ્યક્તિગત સંપત્તિ છે.**

- દરેક ઉપયોગ કરી શકે, તેવી સંપત્તિને ‘જાહેરસંપત્તિ’ કહેવાય છે.
- જાહેર રસ્તા પરનાં વૃક્ષો સૌની સંપત્તિ છે.
- જાહેરસંપત્તિને નુકસાન કરવાથી ગુનો બને છે.

**આપના ગામમાં આવેલ વિવિધ જાહેર મિલકતોની માહિતી એકઠી કરો :**

| અમારી સુવિધા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | સુવિધાનું નામ | સુવિધા ક્યારે બની ? | કઈ રીતે ઉપયોગી છે ? | જાળવણી કેવી ? | | જાળવણી માટે શું કરી શકાય ? |
| | | | | સારી | ખરાબ | |
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |
| 5 | | | | | | |
| 6 | | | | | | |
| 7 | | | | | | |
| 8 | | | | | | |
| 9 | | | | | | |
| 10 | | | | | | |

## અહીં આપેલા ચિત્રનું વર્ણન કરી મિત્રો સાથે ચર્ચા કરો :



**10.2** જાહેર મિલકતની જાળવણી : આપણી ફરજ

## કોણ સાચું ? :




**10.3** ગંદકી કોઈને ન ગમે !

### વિચારો

- પહેલાં મિત્રના દીવાલ બગાડવાના વર્તનને તમે કેવું ગણશો ?
- ત્રીજા ચિત્રમાં શું બન્યું હશે ? વિચારો.
- તમારો મિત્ર જાહેરમાં ગંદકી કરે, તો શી સલાહ આપશો ?

## તમે શું કરશો ?

- શાળામાં કોઈ પાણી બગાડે, તો......
- કોઈ મિત્ર છોડને નુકસાન કરે, તો ......
- વર્ગમાં કોઈ દીવાલ પર લીટા પાડે, તો ......
- તળાવ-નદીમાં કોઈ ઢોર નવડાવે, તો ...........
- મેદાનમાં કચરો પડ્યો હોય, તો ....
- શાળાની મુતરડી સાફ ન હોય, તો ....
- કોઈ વૃક્ષ કાપતું હોય, તો ......

## પાણી કેટલું બગડે ?

પાણીનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવી શકાય તેવી પ્રવૃત્તિ શાળામાં કરાવો.

| | |
|---|---|
| **જરૂરી સામગ્રી** | : કાચ કે સ્ટીલના ગ્લાસ-લોટો. |
| **સ્થળ** | : શાળા કે અન્ય જાહેરસ્થળ |
| **સમયમર્યાદા** | : 1 કલાક |



**10.4** ટીપે ટીપે સરોવર ભરાય

એક કલાકમાં ત્રણ જગ્યાએથી ત્રીજા જગ જેટલું પાણી ટપકીને બગડે, જો ત્રીજા જગમાં બે લિટર પાણી હોય તો......

| ગણો અને નોંધ કરો. | | | | |
|---|---|---|---|---|
| એક કલાક | | 2 લિટર | = | 2 લિટર પાણી વહી જાય. |
| પાંચ કલાક | | 2 લિટર | = | 10 લિટર પાણી વહી જાય. |
| ચોવીસ કલાક | | 2 લિટર | = | 48 લિટર પાણી વહી જાય. |
| 168 કલાક (અઠવાડિયું) | | 2 લિટર | = | 336 લિટર પાણી વહી જાય. |
| 672 કલાક | | 2 લિટર | = | 1344 લિટર પાણી વહી જાય. |
| મહિનો | | | | |

- એક વ્યક્તિને દરરોજ સરેરાશ ચાર લિટર પાણી હોય તો પણ ચાલે.
- આ ચાર લિટર પાણીમાં નહાવાનું પાણી ગણાય નહીં.
- વિચારો, ટપકી જતું પાણી કેટલું નકામું જાય છે?

**આપણી મિલકત-આપણાં નાણાં :**

જાહેર સ્મારકો-સ્થળોનું રક્ષણ કરીએ.

- આપણાં સ્મારકો આપણું ગૌરવ છે.
- જાહેર-સ્મારકોમાં આપણાં નાણાં વપરાય છે.
- જંગલો, તળાવો, નદી, વન્ય પશુ-પંખી આપણી જાહેર મિલકત છે.
- આ જાહેર મિલકતનું રક્ષણ ફરજ તરીકે માનવામાં આવે છે.
- પર્યાવરણનું જતન આપણી ફરજ છે.
- જાહેર સંપત્તિની જાળવણી સૌની જવાબદારી છે.
- સરકારની મિલકત આપણા સૌની મિલકત છે.

પોતાની માંગણી મનાવવા બસ કે રેલવેને નુકસાન કરવું ગુનો છે. આપણે સહિયારી મિલકત વાપરવાની સાથે આ મિલકતનું જતન પણ કરવું જોઈએ.

અહીં કોઈ પણ એક જાહેર મિલકતનું ચિત્ર દોરો.

## સ્વાધ્યાય

### 1. વર્તનની નીચેના ખાનામાં તમારા વિચારોની નોંધ કરો :

| કચરો ગમે ત્યાં નાંખતી વ્યક્તિઓ | તળાવમાં ભેંસ નવડાવતો ખેડૂત કપડાં ધોતી સ્ત્રી | ટપાલના ડબા પર થૂંકતી મહિલા |
|---|---|---|
| | | |
| બસની સીટને નુકસાન કરતો છોકરો | કચરાપેટીમાં કચરો નાખતા વડીલો | શાળાની દીવાલ પર પેન્સિલથી નામ લખતી છોકરી |
| | | |

### 2. ટૂંકમાં જવાબ આપો :

(1) તમે કઈ-કઈ સુવિધાનો ઉપયોગ કરો છો ?

(2) તમે કઈ સુવિધાઓ વગર ચલાવી શકો છો ?

(3) તમે કઈ સુવિધાઓનું નુકસાન થતું અટકાવી શકો છો ?

### 3. તમે જાણતા હો તેવી દશ જાહેર મિલકતોની યાદી કરો.